# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 23-03-2025 Day: Sunday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## ડુંગળી-નિકાસ ડ્યુટી:

કેન્દ્ર સરકારે 1 એપ્રિલથી ડુંગળીની નિકાસ પર 20 ટકા ડ્યુટી પાછી ખેંચી લીધી છે. ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આનાથી ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળશે અને ગ્રાહકોને ડુંગળીની ઉપલબ્ધતા પણ સુનિશ્ચિત થશે. મંત્રાલયે જણાવ્યું હતું કે રવિ પાકના ઉત્પાદનમાં વધારો થવાની અપેક્ષાને પગલે જથ્થાબંધ અને છૂટક ભાવમાં ઘટાડો થયો છે. અંદાજ મુજબ, રવિ સિઝનમાં ડુંગળી અને અન્ય પાકોનું ઉત્પાદન વધવાથી આગામી મહિનાઓમાં બજાર ભાવમાં વધુ ઘટાડો થવાની શક્યતા છે. સ્થાનિક ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે, ગયા વર્ષે 13 સપ્ટેમ્બરથી 20 ટકા નિકાસ ડ્યુટી લાદવામાં આવી હતી.

------------------------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી-સ્ટાર્ટઅપ ફેસ્ટિવલ:

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, સ્ટાર્ટઅપ શબ્દ દેશનાં યુવાનોની ઓળખ બન્યો છે. ક્રિએટિવ થિંકિંગ, આગવી સૂઝ અને અવનવા આઈડિયા સાથે આજના યુવાનો ખૂબ ઝડપથી આગળ વધી રહ્યા છે.**

**મુખ્યમંત્રીએ વિધાનસભા કક્ષાના સ્ટાર્ટઅપ ફેસ્ટિવલ એવા વેજલપુર સ્ટાર્ટઅપ ફેસ્ટિવલના બીજા તબક્કાનો શુભારંભ કરાવતા જણાવ્યું કે મહિલાઓ પણ આજે વિવિધ સમસ્યાઓનાં સમાધાન માટે નવા સ્ટાર્ટઅપ સ્થાપી રહી છે.**

**વિધાનસભા કક્ષાના આ સ્ટાર્ટઅપ ફેસ્ટિવલમાં ૧,૦૦૦થી વધુ સ્ટાર્ટઅપ્સ અને તેની સાથે સંકળાયેલા ૪,૫૦૦થી વધુ લોકોએ ભાગ લીધો હતો અને ૫૦થી વધારે ઉદ્યોગ નિષ્ણાતો દ્વારા સ્ટાર્ટઅપ્સને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.**

---------------------------------------------------------------------------------

## સ્વતંત્રતા સેનાનીઓને શ્રધ્ધાંજલિ:

દેશના ત્રણ મહાન શહીદો અને સ્વતંત્રતા સેનાનીઓ - શહીદ-એ-આઝમ ભગતસિંહ, શિવરામ રાજગુરુ અને સુખદેવ થાપરને રાષ્ટ્ર શ્રદ્ધાંજલિ આપી રહ્યું છે. ત્રણેય બહાદુર પુત્રોને ૧૯૩૧માં આજના દિવસે લાહોરની સેન્ટ્રલ જેલમાં ફાંસી આપવામાં આવી હતી. ૧૭ ડિસેમ્બર, ૧૯૨૮ ના રોજ બ્રિટિશ પોલીસ અધિકારી સોન્ડર્સને ગોળી મારવા બદલ આ બહાદુર ક્રાંતિકારીઓને મૃત્યુદંડની સજા આપવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------

## ગાંધીનગર-નીતિ આયોગ વર્કશોપ:

**રાજ્યમાં આગામી સમયમાં સાયન્સ ટેક્નોલોજી અને ઇનોવેશન (STI) નીતિ અંતર્ગત બે સાયન્સ અને ટેક્નોલોજી ક્લસ્ટર સ્થાપવામાં આવશે તેમ વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગના અગ્ર સચિવ શ્રીમતી મોના ખંધારે ગઈકાલે ગાંધીનગરમાં ગિફ્ટ સિટી ખાતે "બિલ્ડિંગ સીનર્જીસ ઇન ઈન્ડીયન ઇનોવેટિવ ઇકોસિસ્ટમ" વિષય પર આયોજિત રાષ્ટ્રીય કાર્યશાળામાં જણાવ્યું હતું.**

**નીતિ આયોગ ,ગુજરાત કાઉન્સિલ ઑન સાયન્સ અને ટેક્નોલોજી (ગુજકોસ્ટ),તેમજ વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ કાર્યશાળા આત્મનિર્ભર ભારત અને મેક ઈન ઈન્ડિયા જેવી પહેલોથી પ્રેરિત નવીનીકરણ વ્યવસ્થાતંત્રને આકાર આપવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું છે.**

---------------------------------------------------------------------------------

## આઈ.પી.એલ:

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB)એ કોલકાતા નાઈટ રાઈડર્સને 7 વિકેટથી હરાવી IPL-18ની પહેલી મેચ જીતી લીધી છે. કોલકાતા નાઈટ રાઈડર્સે 8 વિકેટ ગુમાવીને 174 રનનો લક્ષ્યાંક આપ્યો હતો જેની સામે બેંગલુરુએ 16.2 ઓવરમાં 175 રન કરી મેચ જીતી લીધી હતી. રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ તરફથી વિરાટ કોહલી 59 રન બનાવીને અણનમ રહ્યા હતા. કોલકાતા નાઈટ રાઈડર્સના કેપ્ટન અજિંક્ય રહાણેએ 56 રન કર્યા હતા જયારે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુના કેપ્ટન રજત પાટીદારે 34 બનાવ્યા હતા.

---

## વાયોર પંથક-પાક ઉત્પાદન:

સરહદી વિસ્તાર ગરડા પંથકમાં ઘઉં, રાયડો, ઈસબગુલ, એરંડા, કપાસ, વાલ, ચણા જેવા પાકોનાં સારાં ઉત્પાદનથી ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો છે. વાયોરમાં તેમજ આજુબાજુનાં અકરી મોટી, બેર મોટી-નાની, વાગોઠ જેવાં ગામોમાં પણ ઘઉંનું ઉત્પાદન વ્યાપક પ્રમાણમાં થયું છે.

200 એકર જમીનમાં ઘઉંના પાકનું ઉત્પાદન ગત વર્ષ કરતાં આ વર્ષે સારું થવાનો અંદાજ છે. વાયોર અને આજુબાજુના વિસ્તારનાં જે ગામોમાં બોરવેલ છે, ત્યાં કપાસના પાકો પણ હાલની પરિસ્થિતિમાં સારા છે.

વાયોર, પધરવાડી, ઉકીર, વાગોઠ, થુમડી, કુલાય, અકરી મોટી, બેર મોટી-નાની, કરમટા, ચરોપડી મોટી-નાની, નવાવાસ, ગોલાય, ખારઈ જેવાં અનેક ગામોમાં હાલે ખેડૂતો ઘઉં, ચણા, વાલ, કપાસ, એરંડા, ઈસબગુલનું ઉત્પાદન સારું થશે તેવું જણાવી રહ્યા છે.

---

## નાગલપર-કિશાન ખેત પાઠશાળા:

તીડ સાથે સંકલિત પેસ્ટ મેનેજમેન્ટ સેન્ટર ભુજ દ્વારા અંજાર તાલુકાનાં નાગલપર મોટી ખાતે ખેડૂતો માટે કિશાન ખેત પાઠશાળા યોજાઈ હતી. છોડ સંરક્ષણ અધિકારીએ સંકલિત કીટ નિયંત્રણ વ્યવસ્થાપન તથા જંતુનાશક દવાઓના સલામત તથા ન્યાયપૂર્ણ ઉપયોગ અંગે માહિતી આપી હતી. ઉપરાંત આ પાઠશાળામાં શાકભાજીમાં જીવાત તથા રોગ નિયંત્રણ વિશે માહિતી આપવામાં હતી.

-----------------------------------------------------------------------------------

## હવામાન:

હવામાન વિભાગે રાજ્યમાં આગામી 4 દિવસમાં મહત્તમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રીનો વધારો થવાની અને ચાર દિવસ પછી મહત્તમ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રીનો ઘટાડો થવાની આગાહી કરી છે. હવાની દિશા ઉત્તરથી ઉત્તર પૂર્વ તરફ રહેશે. ઉત્તર અને દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં પણ તેની અસર જોવા મળશે દરમિયાન દક્ષિણ ગુજરાત પ્રદેશ અને સૌરાષ્ટ્ર-કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળી હવા રહેશે.

-----------------------------------------------------------------------------------